કલેકટર
અને જિલ્લા મેજિસ્ટ્રેટની
કચેરી, ડાંગ
જિ.ડાંગ–આહવા

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન, ડાંગ
જિ.ડાંગ–આહવા પીન–૩૯૪૭૧૦
ટેલિ નં.૦૨૬૩૧–૨૨૦૨૦૧
ફેકસ નં.૦૨૬૩૧–૨૨૦૨૯૪
ઈમેઈલ. collector-dan@gujarat.gov.in

## લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(સી) હેઠળનુ જાહેરનામુ

ક્રમાંક:-એમએજી/જાહેરનામુ/વશી.૯૨૪-૯૪૭/૨૦૨૧ તા:- ૨૨/૦૨/૨૦૨૧

હુકમ:-

રાજય ચુંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ યોજાનાર જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલીકાની સામાન્ય તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચુંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજય ચુંટણી આયોગ ગાંધીનગરના પત્ર ક્રમાંક:-ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧ ના ફકરા-૩ મુજબ આદર્શ આચારસંહિતા સંબંધે આપેલ સુચનાનુસાર રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક,તા.૦૬/૦૧/૨૦૧૦થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ આદર્શ આચારસંહિતાનો અમલ કરવા સુચના આપવામાં આવેલ છે. તે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં મતદાનની તારીખ તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મતગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નક્કી કરવામાં આવેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાનાઓના પત્ર જા.નં.એલ.આઇ.બી./ડ્રાય ડે/જાહેરનામું/૧૨૧૪/૨૦૨૧ તા.૨૦/૦૨/૨૦૨૧થી અત્રેના ડાંગ જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ સંદર્ભે ચૂંટણીના મતવિસ્તારમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(સી) હેઠળ મતદાન વિસ્તારમાં મતદાન પુરૂ કરવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમિયાન દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે. તેમજ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનાઓના પત્ર ક્રમાંક:જી-૧/એસસીઆર/સ્થાનિક સ્વરાજયની ચૂંટણી/૮૬/૨૦૨૧, તા.૧૭/૦૨/૨૦૨૧થી નીચે મુજબનાં દિવસોએ "ડ્રાય ડે" જાહેર કરવા અંગેનું જાહેરનામું/હુકમો કરવા અંગેની કાર્યવાહી મે.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીના સંકલનમાં રહી કરવા માટે આદેશ થયેલ છે. આથી નીચે મુજબનાં દિવસોએ "ડ્રાય ડે" જાહેર કરવા જાહેરનામું બહાર પાડવા તમેજ જાહેર સુલેહ શાંતિ ન જોખમાય તે માટે જાહેર હિતમાં જરૂરી નિયંત્રણો મુકવા યોગ્ય જણાય છે.

વાસ્તે હું ટી.કે.ડામોર(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(સી) થી મને મળેલ સત્તાની રૂએ જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ની પ્રક્રિયા દરમ્યાન હુકમ કરૂ છુ કે, ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં

૧. મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે, તા.૨૬/૦૨/૨૦૨૧ ના સાંજના ૦૬-૦૦ કલાક થી તા.૨૮/૦૨/૨૦૨૧ના રાત્રીના ૦૮-૦૦ કલાક (જો તા.૦૧/૦૩/૨૦૨૧ના રોજ પુન: મતદાન થાય તો પુન: મતદાનનો દિવસ પણ આવરી લઈ ઉપરોકત દિવસો) સુધીના સમયને **"ડ્રાય ડે"** તરીકે જાહેર કરવામાં આવે છે.

૨. મતગણતરીનો દિવસ એટલે કે, તા.૦૨/૦૩/૨૦૨૧નો દિવસ (આખો દિવસ) આવરી લેવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(સી) હેઠળ કસુરવાર જણાય તો છ માસની સજા તથા બે હજાર રૂપિયા દંડ અથવા બંને સજા/દંડને પાત્ર થશે.

સદરહુ પ્રતિબંધ તા.૨૬/૦૨/૨૦૨૧ ના સાંજના ૦૬-૦૦ કલાક થી તા.૨૮/૦૨/૨૦૨૧ના સાંજના ૦૮-૦૦ કલાક (એટલે ૪૮ કલાક) સુધી અને તા.૦૧/૦૩/૨૦૨૧નો દિવસ (આખો દિવસ) જેમાં ફેર મતદાન (જો થાય તો) ના દિવસ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૨૨/૦૨/૨૦૨૧ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

(ટી.કે.ડામોર)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,
મેનેજરશ્રી,
છાપકામ અને લેખન સામગ્રી, વડોદરા

૨/- ઉકત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના::</u>

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
૨. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સુરત, રેન્જ જી.સુરત.

૩. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ.

૪. સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**<u>નકલ જય ભારતસહ રવાના:-</u>**

૧. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા તરફ: બહોળી પ્રસિધ્ધિ સારૂ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૨. પ્રિન્સીપાલ એન્ડ સીવીલ જજશ્રી, સેશન્સ કોર્ટ, આહવા જી.ડાંગ.

૩. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી (ફ.ક.), આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

૪. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ તરફ.

૫. મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, આહવા જી.ડાંગ.

૬. નોડલ અધિકારી ખર્ચ નિયંત્રણ સેલ..................

૭. નોડલ અધિકારીશ્રી આચારસંહિતા..................

**<u>નકલ રવાના:-</u>**

૧. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આહવા /વઘઇ/સુબીર જી.ડાંગ.

૨. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૩. ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી, સાપુતારા જી.ડાંગ.

૪. પંચાયત ચૂંટણી શાખા તરફ: જાણ તથા જરૂરી અમલવારી સારૂ.

**<u>નકલ વધારાની પાંચ નકલો સહિત રવાના:-</u>**

માહિતી નિયામકશ્રી, આહવા ડાંગ તરફ:

૨/- ઉકત જાહેરનામું આઈટમ ઓફ ન્યૂઝ તરીકે વર્તમાનપત્રમાં વિના મૂલ્યે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવા સારૂ.

<u>નકલ</u>: કચેરીના નોટીસ બોર્ડ ઉપર